# કળીયુગનો વિચિત્ર દેખાવ.

(ભાગો ભાગો આ મનની માઇ મઇ મઇ—એ લય.)

જુઓ જુઓ આ યુગની નવાઇ —
ભાઇ ભાઇ જુઓ જુઓ આ યુગની નવાઈ;
પહેલું જુઓ બાળલગ્નની નવાઇ. જુઓ.—ટેક.
દાંતના આવ્યા ને કેડમાં ઘાલ્યા,
એવા પરણેલા દીઠા મેં હજારો જમાઇ. જુઓ. ૧
લાડીના જાયા-તે બાપ ગણાયા,
બાર વરસે દેખાતીના પુત્રોની નવાઇ. જુઓ. ૨
વેદ ડુબાવ્યા—પુરાણો જલાવ્યા,
અમે આશ્રમો તોડયા તમામજ ભાઈ. જુઓ. ૩
શુદ્ર મટાડયા બ્રાહ્મણ કહેવાયા,
પુર્વકાળના ધર્મોને નાંખ્યા છે ખાઇ. જુઓ. ૪
ધોતીયાંજ ખોયાં—પાટલુન ચડાવ્યાં,
અમે દીઠી ન કોટ ચસ્માની નવાઇ. જુઓ. ૫
ચોળીને બાળી—પોલકાંને વાળી,
સ્ત્રીઓ દીઠી મેં બુટ ચડાવતી બાઇ. જુઓ. ૬

---

૨

(ગોવિંદ કૃષ્ણ વિભુ ગિરધારી, મોરલીધર કેશવ મોરારી—એ લય).

વેચાણ કન્યા તણી બલીહારી, સોનાની પેટી તે છે સારી;

 3750

દાન કરે નવ કન્યા ધારી વેચાણુ પૈસાની બલીહારી,
વેચ્યાથી લાજ ક્યાં ગઈ મારી, કેમ દીકરી ન્હોય એ અમારી-વેચાણુ.
શાસ્ત્ર ખોટું છે ગપતે મારી, પૈસાથી થાસે સુખાકારી,
પહેરશે ઘરેણાં સ્ત્રી મારી, વળી થાશે તહીં જાત્રા સારી-વેચાણુ.

મનહર છં.

દીકરી આપીને બાપ પરણુ છે બાઈ.



લાજને શરમ તોડી કુવે પધરાવે છે.
દીકરીને વેચીને નાણાં સર્વ લાવીને,
નાણાં વડે જુઓ ભાઇ નારી બીજી લાવે છે;
સોરૂ કહે કાળો કેર તેમાં શું રંધાયું ભાઇ,
જુઓ લીલાલ્હેર દીકરીઓ વડે આવે છે.
દીકરી અમારી તેમાં કોઇનું શું લાગે વળગે,
પૈસાથી તેનાં જુઓ ઘર આ બંધાય છે
ત્રીસ હજાર આપી પેલો જુઓ પરણે છે ડોસો ભાઇ,
એક ઉપર બીજી ને ત્રીજી ચોથી લાવે છે,
કોઇ જઇ પુછે તો કહેશેકે વંશ રાખવાને માટે,
અમે ઓરત સર્વ આ ઓરી છે.
વિષય વાસનાની તૃપ્તિ કરવી એજ અમારૂં લક્ષ છે,
છોને મરાતું કાલે એજ અમારી પ્યારી છે.
કેટલાકો સાટાં કરી બેન દીકરી આપી,
બ્હેન કુવામાં નાંખી સાટે બૈરી આણી છે
આંધળાને લુલા અભણુ કુળવાન પ્રતે,

બએ નારી રાખી કેવી બેઠક જમાવી છે.
ભણેલા ગણેલા હોય ભલે ગણાતા અકુળવાન,
એવાઓએ બૈરી સિવાય જુઓ ભભૂત લગાવી છે.
એક ઉપર બીજી કરી ત્રીજીને વળાવી પીયર,
જુઓ સાહેબે કેવી બહાદુરી જમાવી છે.
એવા છે અનેક જ્યાં ત્યાં જડે નહિ તેના જોટા,
એવાં લગ્નથી જુઓ આ સંતતિ પ્રગટાવી છે;
વેંતિયા માબાપતણાં ઉંદરડાં જેવાં બચ્ચાં,
આસુરી લગ્ન થકી ધર્મતણી કેવી વૃદ્ધિ ગુમાવી છે.
સાચાં કન્યા દાન હજારોમાં કંઇક થાતાં,
સહુઆમાં એકાદ કોઇ તેવો નર હોય છે.
પણ કન્યા વેચનારા તણી છે જ્યાં નાત મોટી,
ત્યાં પૈસા ન લેનારા તણો ઘડો શો હોય છે.

૪

કળીયુગ તો આવ્યોરે હળાહળ વિષતો લાવ્યોરે—એ ટેક
ઝેરને વેર વધ્યાં વસુધામાં. દેખાવ કીધા વિધ વિધ—૨
ગાંજો અફીણને દારૂના બોટલ હોટલમાં જઈ પીધ
ગાંઠેથી પૈસો ગુમાવ્યો (૨) રે—
ઉચ્ચ હતા તે નીચ બન્યા કંઇ નીચ તે ઉચ્ચ મનાય—૨
ધર્મને નામે ધાડજ આવી, પાપને પંથ પળાય,
અંધાપો ધોળે દિન આવ્યો-(૨) રે- કળી૦ ૨
જે પ્રેમદા પડદે રહેનારી, તે ધરી લેડી પોશાક—૨

મીસ્તરનો કર ઝલી બજારે મ્હાલી રમી છો છચેક,
અરે આડો આંકજ આવ્યો—(૨) રે— કળી૦ ૩
નીતિ રીતી સૌ નેવશે મુકી, ઉર અનીતિ ચલાવ—૨
એડીટ્ટ બાઇને ફંદે ફસાયા રંક ને મોટા રાય,
તોરી જઈ ટોપ છવાયો—(૨) રે— કળી૦ ૪
જે નૃપતિ ગૃહે ચાંદી સોનાના, પાત્ર તણો નહી પાર—૨
તે રાજ મંદીરમાં જઇ જોતાં દેખાય ઠારો ઠાર
લોખંડનો લાટ ભરાયો-(૨) રે- કળી૦ ૫
મુદલ ચેન પડે નહિ ચા વિણ, ચાએ વાળ્યો દાટ-૨
રાયથી માંડીને રંક કહાવે સૌને થયો સંનિપાત.
વિલાયતનો વાયુ વાયો-(૨) રે- કળી૦ ૬
સેન્ટ લવન્ડર લેમ્પથી મોહ્યા, મોટરમાં મશગુલ-(૨)
બાઇશીકલને ભાઇ વર્યા છે આપી મોં માગ્યા મુલ
ગળે નેકટાઇ લગાયો-(૨) રે- કળી૦ ૭
દાતણ બાવળના બદલાયાં, બ્રસથી મોહ્યુ મન-(૨)
અંજન મંજનથી થઇ રંજન, ધુળ કરે છે ધન
લાડીનો જાયો ગણાયો-(૨) રે- કળી૦ ૮
તાંબા પિતળનો પારજ આવ્યો લોખંડ ઘેરઘેર-(૨)
જ્યાં નીરખો ત્યાં ટેબલ ખુરશી, બોલોર ઢેર ઢેર.
યુરોપી ડાદ મચાયો—(૨) રે- કળી૦ ૯
દેશનો વેશજ બેશ ન લાગે, વધ્યું વિદેશી વ્હાલ-(૨)
બુટ પર્ગે પાટલુન ચઢાવી, બન્યા ગોરાના બાળ
જાણે મેંમ સાહેબનો જાયો-(૨) રે- કળી૦ ૧૦
બી, એ, બનીને ભાઇ બીએ છે બાઇ થકી ઘરમાંય-(૨)

બાહેર બીડી થકીજ બીએ છે તે શું ઉકાળે હાય
જનેતાએ શીદ જાયો–(૨) રે– કળી૦ ૧૧

સ્ટોકીંગ કાલર કોટને જાકીટ જોઇએ વીલાયતી સ્ટીક—(૨)
ચાંદલીએ ચશ્માં તો ચોટયાં હાંસે બાંડી ટીક
ચીરૂટનો છે હડકાયો–(૨) રે— કળી૦ ૧૨

નીચી નમી નમી શું સુચવે છે, વિદ્વતામાં ઉડી ધુળ
દેશની દાઝ ન લાવ્યો. (૨) રે— કળી. ૧૩

ભણી ભણી સૌ જન ઇચ્છે, નિર્લજ્જ નોકરી ઉર—(૨)
સુરને નુર ગુમાવી બેઠા બની ગયા અસુર
ગુર્જરેશ્વરી ગાત્ર ગળાયો. (૨) રે— કળી. ૧૪

ધીક છે ધીક છે ધીક છે એવા, દેશ દ્રોહીને ધીક્કાર—(૨)
ગોરી તજી ઘરની ગુણવંતી, જોડી ગુણીકાથી પ્યાર
ખરે જર ખુબ ઉડાવ્યા (૨) રે— કળી. ૧૫

ચીની ચલાવ્યાં પ્યાલા રકાબી, ફાનસ રકાબ લીધ—(૨)
ફુટી જતાં ફુટી બદામ નાવી, ફોકટ ફેંકી દીધ

આંખે નવ જાય દેખાયો. (૨) રે. કળી ૧૬

વાજાં વીચીત્ર પ્રકારના લાવી, મુકયું ગજાના મકાન—(૨)
બગડયું કે પછી બારજ વાગ્યા, તેનું મળે નહિ ભાન
પૈસા પર પાણી ફીરાયો. (૨) રે— કળી ૧૭

એરંડીયું તો અદ્રશ્ય થયું ને, ગંધાતું ગ્યાસલેટ—(૨)
બેહદ આવી ભરાયું ઘરેઘર, પાકી ઉઠયું જ્યાં [illegible]
પાટો ક્યાં જાય બંધાયો. (૨) રે—

ચોળી મટીને પોલકાં પેઠાં, પારસી ડ્રેસ પોસાય—(૨)
કંથ કહ્યાગરી કાન્તા મળે ના, વર વધુ વશ વરતાય
એ તે વર કે ઘરનો જાયો. (૨) રે— કળી ૧૯

દેશની દોલત હાય વિદેશે, એ રીતે ચાલી જાય—(૨)
તો પણ આંખ ઉઘાડી ન દેખે ક્યાંથી દેસોદય થાય
આવી દાળીદ્ર ભરાયું. (૨) રે — કળી ૨૦

છાયલ છીંદડી ગયાં છુપાઈ, ગવનથી ગુલતાન—(૨)
ચુડી મટી ચતુરામાં વધ્યું છે, બંગડી બાઇનું માન
કાને એરીંગ અડાયો રે.—(૨) રે-- કળી ૨૧

બારીક વસ્ત્ર વપુએ ધારી, નારી હૈયે હરખાય--(૨)
અંગ તમામ દેખાઇજ આવે, સુજ્ઞ જોઇ સરમાય.
ગુણીકાનો વેશ ભજાવ્યો. (૨) રે— કળી ૨૨

રાંડી તે ઘર માંડી બેઠી, માડી બાંધી પર પ્યાર—(૨)
ભક્તાણી થઇ દેવ મંદીરમાં, કરે છે વ્યભિચાર
પતિવ્રતાનો પારજ આવ્યો. (૨) રે— કળી ૨૩

પાન ખાઇ પીચકારી મારે, રાખે મુખડું લાલ—(૨)
બારીએ બેઠી નારીએ બોલે, બોલે મુખથી બે તાલ
મલાજો છેક મુકાયો (૨) રે— કળી ૨૪

પાંખડીને પુરા પ્રેમથી પુજે, સાધુને ચિત ન ચાય—(૨)
ધર્મને ધામે ધાડજ આવે, પાપી પનોતા થાય,
[illegible] (૨) રે— કળી ૨૫

રણજીતસિંહ રાય—(૨)

વિક્રમ ભોજ સમા નહિ ભાળું, ભુપતિ ભૂતળ માંય
ખરે કંઇ બીજ ખવાયો. (૨) રે— કળી ૨૬

હા સરદાર સુરા દીસે છે, લઇ પટા કડુ હાથ—(૨)
કાબર તેતર હોલા હણીરે, દુભાવે જગનાથ;
શુરોના સિંહ મરાયો. (૨) રે— કળી ૨૭

પઇસા પડાવા પુત્રીને વેચે, પેખી પળીએલ કંથ—(૨)
અંગની શક્તી ભંગ થઇ, જેના ડાચામાં ન મળે દંત
ઓખો કહી જાય બોલાવ્યો. (૨) રે— કળી ૨૮

ઉત્તમ સાક્ષરના કરનાં પણ પુસ્તક ના પોષાય—(૨)
નાટકમાં નાણું ખુબ ખરચે, ચીથરડાં ચીત ચાય.
સાહિત્યને ના શણગાર્યો. (૨) રે— કળી ૨૯

કોણ કવીનો ભાવ પુછે છે, ભાંડ ભવઇયા ચહાય—(૨)
થાય ખુશી નાયકાને નચાવી, વિત તેમાં વપરાય
ગોવિંદને કંઇ ન અપાયો. (૨) રે— કળી ૩૦

શહેરમાં હોટલ ગામડે હોટલ, હોટલ જ્યાં ત્યાં હોય—(૨)
વર્ણ અઢારે આવી ભરાઇ, ચા અને બીસકુટ ખાય
અભક્ષા ભક્ષ ઉડાયો. (૨) રે— કળી ૩૧

વિપ્રો તો વળી છેકજ વંઠયા, જેથી ધરોધર અથડાય—(૨)
વેદનો ભેદ જાણે નહિ તો, તેથી કયાં પોસાય
પાયો મુળમાંથી ખવાયો. (૨) રે— કળી ૩૨

વાળ પરાયા થાય ભલે પણ, લે આશમાન મકાન—(૨)
પાળક બાળકનો થઇ પોતે, ધાલી એવું ધમસાણ
દેવામાં હાથ ડુબાવ્યો. (૨) રે કળી ૩૩

દેવ દીઠા ન ગમે દૃષ્ટિએ, તિરથ પ્રત્યે વેર—(૨)
સેલ સપાટે ભાઇ સીધાવે, લાયક લંડન શારે
વર્ષા વિતનો વરસાવ્યો. (૨) રે— કળી ૩૪

લાયક ઉમરની લલના કદી, વૈધવ્યતાને થાય—(૨)
પુર્નલગ્ન કરવા તેનું, શાસ્ત્રની મુકી મઝાય
પત્રે ઢંઢેરા પીટાવ્યોરે. (૨) રે— કળી ૩૫

પેપર માસીકમાં વળી છુટી, નોટીશ બહુ નીરખાય—(૨)
વધ્ધ તણું જાણે વાણુજ ફાટયું, બની લુટારા હાય
ખરે દેશ લુટી ખાયો. (૨) રે— કળી ૩૬

લેખનું પણ તેમજ લેખો, જેમાં આપતી અતુલ—(૨)
પુસ્તક એવા પ્રસિદ્ધ કરીને વેચે પાણીને મુલ
ખરાને ખોટ ખમાયો. (૨) રે— કળી ૩૭

પાખંડ પ્રપંચ વૃદ્ધિ પામ્યા, ચોરી ચાડી જુઠ જાર—(૨)
સત્ય સરી પાતાળે પેઠું, જામી ગયો છે જુગાર
હશે શું દૈવત ભાગ્યો—(૨) રે— કળી ૩૮

એશી ગયા ડાચા બુઢીઆનાં, શ્વેત થયા શીર કેશ—(૨)
તોય રહ્યા વળગી વ્યભીચારે, મુખ પર ચોપડી મેંશ
કામી કામથી ન ધરાયો. (૨) રે— કળી ૩૯

કરજે નાણું કાઢવા જાતાં, પુત્ર બને છે આપ—(૨)
દેવા પડે જ્યારે દામજ ત્યારે, બની બેશે છે બાપ
જુડે બારબોજ ગુમાવ્યો. (૨) રે— કળી ૪૦

ચોર હતા તે શાહ બન્યાને, શાહ બિચારા ચોર—(૨)

વારંજ તેની ધાડજ આવી, કર્યા હરવો જઇ શોર.
ખરે બીજે ખેતને ખાયો (૨) રે— કળી ૪૧

બાવે તો વળી બે સ્ત્રી રાખી, ચેલે રાખી ચાર-(૨)
ખાખી તો ખોળતાજ ફરે છે, ચોળી મફતની છાર
લંગોટે ભેખ લજાવ્યો—(૨) રે- કળી ૪૨

કોઇ જમાત લઇ રખડે છે, સખી રાજેશ્વરી ઠાઠ-(૨)
સિદ્ધને સાધક બેસ બનીને, વાળ્યો ગામે ગામ દાટ
મલીદા માલ ઉડાવ્યો-(૨) રે- કળી ૪૩

પાળી પોષી મોટા કીધા પુત્રો, ઝાઝાં લડાવી લાડ-(૨)
વૃદ્ધ પણે લાકડી લઇ ઉઠી, ભાંગે પિતાનાં હાડ
વળ્યો નવ જાય વળાવ્યો-(૨) રે- કળી ૪૪

લુંટી ગયો કસ ભુગોળમાંથી, ઘટયો સંબંધીનો સ્નેહ--(૨)
વળી સ્વાદ ઘટયો ઘૃતમાંથી ખરેખર ઉતરે આછા મેહ
દગાથી દોસ્ત ભરાયો-(૨) રે- કળી ૪૫

પુરૂષમાંથી ઘટયું પુરૂષાતન, જામ્યું ત્રિયાનું રાજ-(૨)
બાઇ બીલાડીને ભાઇજ ઉંદર, એવું બન્યું છે આજ
ખુરો બાળલગ્ન ભરાયો-(૨) રે કળી ૪૬

નાટક સરકસ ને જાદુના ખેલ વધ્યા વિવિધ (૨)
વિતહરી વસુધાપરથી હા, સૌને ભીખારી કીધ
ખરો કુછંદ લગાયો-(૨) રે- કળી ૪૭

ભારત ભાગવત કે રામાયણ, રૂડી રીતે વંચાય (૨)
ત્યાં જઈ સાંભળતાં ઉંઘ આવે, મારે બગાસા ગામ માંય;
સારી રાત જાય જગાયો. (૨) રે— કળી ૪૮

આર ઘડી ચીત ઠારવા માટે, દેવ મંદિર ગણાય;—(૨)
ત્યાં પણ રંગીત પારણાં ઝુલે, દેખુ ઘોડા ને ગાય;
બો બો સબ્દ જાય શુણાયો. (૨) રે— કળી ૪૯
નીચ સજી શણગારજ સુંદર, ઘાલી ફરે ઘડીઆળ;
મારગમાં કદી સામા મળે તો, કોણુ કળે તે કાળ;—(૨)
હશે મોટે ઘર જાયો. (૨) રે— કળી ૫૦
મેળા ખેળામાં જઇ જોતાં, દીલ માર દુખાય;
ઢેડ ને ભંગી સામા મળે તો, ધક્કા મારી ગુસી જાય;
તોયે ના દુર ખસાયો. (૨) રે— કળી ૫૧
બાળા વરસે બારજ કેરી, બાળકી માંજ લેખાય–(૨)
જે રમી રાજી થતી ઢીંગલીએ, તે ગર્ભવંતી થાય
સારો હિ જાય કહાયો. (૨) રે— કળી ૫૨
દેવ વસ્યા જઇને ડુંગરામાં, મક્કે સુતા પીર–(૨)
રામનુ રાજ છતાં ગાડીઓમાં, અત્યંજ આપે પીડ
મુખેથી કંઇ ન કેવાયો. (૨) રે— કળી ૫૩
કેવાય ત્યારે ઠાકોર મોટા, પણ ઠાઠ કીધો દુર–(૨)
કન્યા કુળવાન નહિ લેતાં, જે પુરે પઇસા ભરપુર;
તે પાસે હસ્ત લંબાવ્યો. (૨) રે— કળી ૫૪
પાણી પવિત્ર ગણે ન ભુદેવો, ગામ ગમાતરે જાય–(૨)
પણ ભજીઆં ભઇયાની દુકાનેથી, ખાંતે લઇને ખાય;
અનાચાર આવી ભરાયો. (૨) રે— કળી ૫૫
કેતાં આ રસના પડે તુટી, આવ્યો આડો આંક—(૨)
કેલી કરે કાકી ભતરીજો, વદુ અસત્ય ન ટાંક;
પ્રભુ જાણે ક્યાં છુપાયો (૨) રે— કળી ૫૬

રેણુકા કત્યા સતયુગે, ત્રેતામાં સિતાય–(૨)
દ્વાપરમાં થઇ દ્રોપદિ સિતા આજ ઘરેઘર હાય
દેખું દગથી કલાઓ (૨) રે— કળી ૫૭
જે ગુજરાત વિષેજ હતી હા, લક્ષમીની લીલાલહેર–(૨)
ત્યાં ભટકે છે ભિખારીનાં ટોળાં, આવીને ઘેર ઘેર;
ઉઘાડે અંગ દેખાયો (૨) રે— કળી ૫૮
પૈસાદારને પ્રેમથી પુજે, પંડીત ના પુજાય–(૨)
હાય ભલે પછી તે બ્રહ્મવેતા, એવો અરે અન્યાય;
ખોળી જાય કળાયો. (૨) રે— કળી ૫૯
નારી મઇ સ્વધામ સીધાવી, સંપતિ પામી નાશ–(૨)
કેભાઇ પોતે મુડ મુડાવી, બેઠા લઇ સન્યાશ;
ભુદેવ ને પાય પડાવ્યો. (૨) રે— કળી ૬૦
માત પિતા થઇ પાળક પોતે, બાળકને દઇ બોધ–(૨)
પેટ નિમીતે પાપ કરાવે, રે કરી કારમો ક્રોધ;
કહું શું ન જાય કથાયો (૨) રે— કળી ૬૧
આચારનો નથી અંશજ જેમાં, જાણે ન વેદનો ભેદ–(૨)
થાય તેની ગણુના ગ્નાતીમાં, અંતર પામે ખેદ;
સાધુ શેઠ માંય ગણાયો. (૨) રે— કળી ૬૨
પાખંડી દંભી બની બેઠા, સાચા સંત મહંત–(૨)
તેમણે તો ડખા પંચક કીધું, કાઢીને કલ્પીત પંથ;
સારા જગને ભરમાવ્યો. (૨) રે— કળી ૬૩
આજ ગુરૂ એવા અવલોકી, શકે શમાવી ન શોક–(૨)
પણ ધુતી ધન શિષ્યનુ લેતા, પાકી મુકાવે પોક;
વૃથા ગુરૂ નામ ધરાવ્યો. (૨) રે— કળી ૬૪

અંધ ગુરૂ ને શિષ્યજ બહેરા, એવું બન્યુ છે આજ—(૨)
તેમ છતાં બની સિદ્ધના બેટા, ખાલી કરે પતરાજ;
દેખી મમ દીલ દુખાયો (૨) રે— કળી ૬૫
કોઇ તણા મનમાં નવ દેખુ, અંશ દયાનો લગાર—(૨)
જ્યાં ને ત્યાં નજર હું નીહાળુ તામસનો ભંડાર;
ખરે કંઇ આવી ભભરાયો. (૨) રે— કળી ૬૬
ભાગ્ય ભલાં કે ભારતમાંહી, પાકે અફીણ કપાસ—(૨)
ત્રીજી તમાકુએ રંગ રાખ્યો, નહિ તો થાત નિરાશ;
તથાપી ના સમજાયો. (૨) રે— કળી ૬૭

## (મહેમાન થયા તમે મારા).

કળીયુગ આવ્યો હડહડતો, દેખાડશે બલીહારી;
કળીયુગ કેરી છે કહાણી, શાસ્ત્રો ધોયાં પાણી. (૨)
અધર્મે કેર વરતાવ્યો, સ્થળ સ્થળ અસત્ય જમાયો; (૨)
વિચીત્ર દેખાવો લાવ્યો, દેખાડશે બલીહારી. (૨) કળી૦
મ્લેચ્છ બ્રાહ્મણો ગણાયા, વર્ણાશ્રમ દુર પળાયા; (૨)
પુન લંગ્ન કરે તે શાણી, શાસ્ત્રોને ધોયાં પાણી. (૨)
શાન જરા નવ આણી, કળીયુગ કેરી છેક હાણી. કળી૦

### પદ ૬૦

કળીયુગે કીધો ચમત્કાર. (૨)
ધર્મ અને અધર્મો સરખા,
કીધા એકાકાર. (૨) કળી. ૧
ધર્મ પલટાવી અધર્મ સ્થાપો. (૨)
જેનો કળ્યો ન જાયે પાયો. (૨)
તેનો જણાયો નહિ કંઈ પાર. કળી. ૨
ચેતો ચેતાવું ભાઇ હું તમને (૨)

અધર્મ જોઇ થયું દુઃખ જ મને,
દુઃખથી બચવાના ઉપાયો ધાર. (૨)    કળી. ૩
શાસ્ત્ર પુરાણો વેદ જ વાંચો (૨)
અધર્મ ત્યજી ધરો ધર્મજ સાચો (૨)
ત્યજી અસત્યને સત્ય કરો સ્વિકાર.    કળી. ૪
ફેશન સર્વનું કરી નિકંદન,
કર હવે તું પ્રભુનું વંદન,
જુઠો સુધારો કદી ન લાવે પાર.    કળી. ૫
સઘ હવે તું થઇજા ડાહ્યો.
થઇ ગયું બહુ કુધારે નાહ્યો,
વ્યર્થ ઉદ્ધાંતે નીકળે નહિ કંઇ સાર.    કળી. ૬

પદ ૭.

પ્રભૂ! પ્રણમી! નમીએ.....જયજયકાર,
વંદન કરીએ થયા દેશો........દ્ધાર.
આપ પ્રતાપે, કુમતિ કાપો,
ફેશન ટાળો, બુદ્ધિ આપો;
જ્યાં ત્યાં જોતાં થાય ધર્મ સ્વિકાર........વંદન. ૧
દોષ અમારા પ્રભૂ ટાળો,
કલેશો કાપી હવે તો પાળો,
ધર્મ વર્તાવી સુખો આપો અપાર........વંદન. ૨
સહન ન થાતું દુઃખો જોઈ,
હૃદય ફાટે અન્તર્માં જોઇ:
સુધારો ટાળી સ્થાપો ધર્મ આચાર........વંદન. ૩
પ્રભૂ હવે ના જરાય તાવો,
થઇ ગઇ બહુ, ધર્મ વર્તાવો;
ખોટી પતરાઇ ટાળો પ્રભૂ અપાર........વંદન. ૪

સુખ જ આપો, દુઃખ જ કાપો,
અધર્મો ટાળી–શાંતિ આપો;
પ્રભૂ હવે તો વર્તાવો જયજયકાર........વંદન. ૫

આજકાલ જ્યાં જુઓ ત્યાં ફેશન ફેશન અને ફેશનમાંજ દરેક માણસે પોતાના પૈસાનો, ધર્મનો અને આબરૂનો દાટ વાળ્યો છે. સુધારો અને ફેશનમાંજ બધાનો સમાવેશ માન્યો છે.

ધર્મ અને સત્ય તો જાણે નકામાંજ! તે પાળવાથી ફજેતી થશે એવું ઘણા માણસો માને છે, અને તેની ધુનમાં અને ધુનમાંજ સર્વસ્વ ખોયું છે તે ઉપરનો દેખાવ વાંચ્યાથી દરેક માણસની ખાત્રી થઇ હશે.

હવે, પ્રિયબાઇ જરા ચેતો! વિચારો! અને એવા ખોટા સુધારાનો તથા ફેશનનો ત્યાગ કરી ધર્મનો સ્વીકાર કરી શાસ્ત્ર પુરાણો માની સત્ય ધર્મ વર્તી સદા સુખને પ્રાપ્ત કરો.

બાળલગ્નો, પુનર્લગ્ન, અને એવાજ આચારો વિચારોનો ત્યાગ કરી ખરા આચાર વિચારને ધારણ કરો.

સ્ત્રીને સ્વતંત્રતા આપવી એ અનિતિનો પાયો નાંખવા બરાબર છે; સ્ત્રીએ કદી સ્વતંત્રતામાં સુખ માનવુંજ નહિ, તેણે તો પોતાના પતિની મરજી સંપાદન કરી તેની આજ્ઞામાં રહી તેની સેવા કરવી એજ તેનો ખરો ધર્મ છે એમ પણ આપણા શાસ્ત્રો વર્ણે છે. માટે તે પ્રમાણે દરેક સ્ત્રીએ વર્તિ પતિવ્રત પાળી પોતાના પતિનેજ પરમાત્મા ગણી સ્વતંત્રતાને કુવામાં નાંખી ખરા સુખનો માર્ગ ગ્રહણ કરવો જોઇએ. તેમાંજ સુખ છે, તેમાંજ શાંતિ છે, અને તેમાંજ આનંદ છે.

સમાપ્ત

## ચાકુતરનું

# અમૃતબિંદુ.

આજ કાલ કરતાં ૨૦) વર્ષથી હું એવી શોધમાં હતો કે એવી કોઇ દવા શોધી કાઢવી જોઇએ કે જે ખરેખર માણુસ જાતને આશિર્વાદ સમાન નીવડે. એકજ નાની શીશી ગજવામાં રાખવાથી આખું દવાખાનું નિરુપયોગી કરી શકાય--કહો કે વાસકોટના ગજવામાં એક મોટું દવાખાનું નાની શીશીમાં લઇને દેશ--પરદેશ ફરી શકાય તેવી કોઇ દવા શોધી કાઢવાનો મારો વિસ વર્ષનો પ્રયત્ન આજે ફળીભુત થયો છે. પરવરદીગારની પરમ કૃપાથી આજ આ અમૃતબિંદુ પ્રજાસનમુખ રજુ કરવાને હું ભાગ્યશાળી થયો છું. કોઇ પણ પ્રકારની વગર જોખમની અને નાના પ્રકારના તરેહવાર રોગો ઉપર તાત્કાળીક અસર કરે તેવી દવા આ અમૃતબિંદુ સેંકડો નિશ્ફળતા પછી આજે પ્રાપ્ત થઇ છે. અમૃતબિંદુ જગતના વ્યવહારમાં લાવવા પહેલાં વિચાર કરવાનો અને અજમાવી જોવાનો પુરતો વખત લઇને જ્યારે મારા અંતકરણે મને ખાત્રી આપી છે કે આ દવા જાહેરમાં લાવવા માટે તદન લાયક છે, ત્યારેજ હું આજે બહાર પડયો છું. આશા છે કે લાયકને લાયક ઉત્તેજન મળશેજ.

### ચાકુતરનું અમૃતબિંદુ.

શું ચીજ છે તે માટે સારો કે ખોટો અભીપ્રાય આપવાની લેવામાં ડહાપણ નથી; ખરૂં છે કે આ ધતીંગના જમાનામાં જાહેરાતોનાં જુઠાણાદ્વારા પ્રજાનો વિશ્વાસ નષ્ટ કરવામાં આવ્યો છે. પણ જ્યાં સુધી એક સત્ય વાર્તા ફેલાવવાનું બીજું કોઇ ઉત્તમ સાધન મળે નહીં, ત્યાં

સુધી જાહેરાતોનુંજ શરણુ લેવાવિના પ્રામાણીક વેપારીઓનો પણ છુટકો નથી, ગમે તેવો ચાલુ માલ હોય પણ જો જાહેરાતોનુ બાયકોટ કરકરવામાં આવે તો થોડાજ સમયમાં તે માલ જગતમાંથી બાયકોટ થયા વિના રહેજ નહીં, એ વાત નિશ્ચય જાણવી. તેટલા માટે હમો હમારા વાંચનારાઓને નમ્રતાપુર્વક વિનંતી કરીએ છીએ કે, જ્યાં સુધી આપે "અમૃતબિંદુ" ની અજમાયસ જાતે પોતે લીધી હોય નહીં, ત્યા સુધી તે સંબંધી આપનું મત રીઝર્વ્ડ રાખશો. ત્રિસ વર્ષના લાંબા અનુભવે હમોને શિખવ્યું છે કે ઘણા નીંદાખોર લોકો કાંઇ નવી ચીજ જુવે છે કે કાંઇ પણ કારણ કે સમજ વિના તેને વિષે માઠું બોલાવાજ મંડી જાય છે. તેજ માટે આટલું લખવું પડ્યું છે.

## ચારૂતરનું અમૃતબિંદુ.

કોઇ આકાશી જાદુઇ ચીજ હોવાનો હમે દાવો કરતા નથી. આ હીમાલયના મહાત્માઓની પ્રસાદી હોવાની રસીલી વાતોથી વાચનારાઓને હમે ફસાવવા માગતા નથી અમૃતબિંદુ ખરેખરી રીતે દેશી અને અંગ્રેજી વૈદકમાં માન્ય રાખેલી ચીજોની મેળવણી માત્ર છે સેંકડો વખત આ ચીજો તમારા હાથ નીચે આવી ગઇ હશે અને વારંવાર આવતી હશે પણ "જાણે તેનો કહોયડો" "મારે તેની તલવાર" "ભણે તેની વિદ્યા" એ રીતે હમારી મહેનતનુંજ આ ફળ છે. આ સુચી પત્રમાં બતાવેલા સર્વ રોગ તે ખાત્રીપુર્વક સારા કરે છે.

## અજીર્ણ.

સર્વ રોગનું કારણ અજીર્ણ—બદ હજમી છે, માણસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઇ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો. ગમે તેવા અજીર્ણમાં અમૃતબિંદુના માત્ર બેજ ટીપાં ઘણીસારી અસર કરે છે. એકજ દીવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઇ પણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે. જો પંદર દીવસ લાગટ બેબે ટીપાં અમૃતબિં-

દુનાં લેવામાં આવે તો હમેશ કરતાં ડબલ ખોરાક ઉડાવી શકાય છે અને તે પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બંન્ને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે અથવા દસ ટીપાં સુંઠના અર્ક સાથે બે ટીપાં અમરૂતબિંદુ પીવું. અગર સુંઠનો અર્ક હમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી દીઠ રૂ. ાા પડશે.

## ઝાડા, સંગ્રહણી.

ઝાડા, સંગ્રહણી, કોલેરા, અતીસાર, ઉલટી, એ રોગોમાં અમરૂત-બિંદુ ઘણીજ અકસીર દવા છે દીવસમાં ૧૦—૧૦ વખત ઝાડા થતા હોય, પાતળાં પેટ આવતાં હોય. ખાધુ કે તુરત ઝાડા છુટી જતા હોય કે સાધારણ ઝાડા થતા હોય. ટુંકમાં જેને ઝાડાનો રોગ હોય તેણે પેહેલી તકે અમૃત બિંદુનો ઉપયોગ કરવો. એકજ દીવસમાં તે ખાત્રી પુરવક આરામ પહોંચાડે છે. ઉલટી શરૂ થતાની સાથેજ જો અમૃતબિંદુનો ઉપયોગ કરવામાં આવે તો દશ મિનીટમાં ફાયદો પહોંચાડે છે. જ્યાં જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા ચાપરી જમણવાર ચાલતાં હોય, યાત્રામાં થંડા પાણીના સ્નાન, ખોરાકનું અનીયમીતપણું અને રખડપટ્ટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ છે તેવે સ્થળે એક એક શીશી અમૃતબિંદુની ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભરયું છે. પોતાનો અને બીજાનો કીંમતી જાન બચાવવા માટે દરેક ગ્રહસ્થની ફરજ છે કે તેણે અમૃતબિંદુની એક શીશી ગજવામાં રાખવાની હમેશાં સંભાળ રાખવી.

ઉપયોગ—દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલટી હોય તો કલાકે ચારચાર ટીપાં અમૃતબિંદુ થોડા પાણી સાથે ઝાડા ઉલટી બંધ થતાં સુધી લીધાં જવું. અથવા વધારે જરૂર જણાય તો અંદર બે બે ટીપાં લવિંગનો અર્ક નાંખવો. લવિંગનો અર્ક રુ, ાા ની શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

## ચુંક, આંકડી, પેટદર્દ.

ઠંડાં પાણીમાં રેહેવાથી, ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાસી ચીજો ખાવાથી, તેલમાં તળેલાં પદાર્થ ગળચી ગળચીને ખાવાથી, ભુખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજા અનેક કારણોથી પેટમાં ચુંક અથવા આંકડી પેદા થાય છે. ઝાડો કબજ થાય છે. અને કેટલીક વાર તો એટલી બધી ચુંક આવે છે કે તે સહન થઇ શકતી નથી અને આસપાસના માણસોને ગભરાવી મારે છે તેવી વખતે અમૃતબિંદુની માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે, માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક કે બે દીવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતી પાછી અસલ હાલતમાં આવી જાય છે. ઉપયોગ દર કલાકે આંકડી બંધ થતાં સુધી બેબે ટીપાં અમૃતબિંદુ એક એક ચમચા દુધ, પાણી અથવા વલયારીના અર્કનાં દસ ટીપાં સાથે લીધાં કરવું. તેમજ પાવલીભાર તપખીર (છીકણી) માં ૧ ટીપું અમૃતબિંદુનું મેળવીને દુંટીમાં ભરવી. વલીયારીનો અર્ક એક શીશી રૂ. ૦।। ભાવે હમારે સાં પણ મળે છે.

## ખાંસી, દમ, સ્વાસ.

ખાંસી—દમ—સ્વાસ. ક્ષય બાળકોનું ઉટાટીઉં, વિગેરે છાતીનાં દરદો ઉપર અમૃતબિંદુ ઘણી અસર કારક દવા છે. બે ત્રણ દીવસ દવા ચાલૂ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો. અને શરૂઆતના ઉપાય તરીકેજ અમૃતબિંદુ ઉપયોગમાં લેજો. જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો. દમ અને ક્ષયના દરદીઓએ સામાન્ય રીતે એક મહીનો દીવસ અમ્રતબિંદુનું સેવન ચાલુ રાખવું જોઇએ ઓછા ખરચે, વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એક છે.

ઉપયોગ—બે બે ટીપાં અમૃતબિંદુ રોજ સહવાર સાંજ એક ચમચા દુધ સાથે પીવું તથા આઠ તોલા તલમાં ચાર આનીભાર અમૃતબિંદુ મેળવી શીશામાં રાખવું અને રોજ તેમાંથી થોડું છાતીયે ચોળી ઉપરથી ગરમ કપડાનો શેક કરવો.

## શીર દરદ, આધાશીશી, સળેખમ.

માથાનો ગમે તેવો સખત દુખારો, સણુકા, ચસ્કા, આદ્દાશીશી, વિગેરે રોગોમાં અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે. માત્ર બે પાંચ મીનીટમાંજ પુરો આરામ થઇ જાય છે. જાણે કદી માથું દુખતુંજ નથી. તાવમાં પણ જ્યારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથું દુખતું તો મટી જાય છેજ. ગમે તેરો સખત દુખારો પાંચ મીનીટમાં સાફ થઇ જાય છે. ઝામરના દરદીએ પણ અમૃતબિંદુનું સેવન કરવું કે જેથી તેઓ ખાત્રીથી ફાયદો મેળવી શકશે.

ઉપયોગ—એક ટીપું કપાળ ઉપર ચોળવું પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપા ચોળવાં. સંભાળ રાખવી કે આંખમાં લાગે નહી.

## આંખનો દુખાવો.

આંખોનો દુખારો, કળતર, લાલી, ગરમી વિગેરે દુર કરવા માટે સૌથી સરસ દવા માત્ર **અમૃતબિંદુ** છે. આંખોની ગરમી દુર થઇ જાય છે. અને લાલી કપાઇ જાય છે જ્યારે આંખમાં રેતી કે કાંઇ રજ જેવું પડયું હોય છે અને ઘણું ખુચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આંખમાંથી પાણી પુષ્કળ કાઢવુ તે છે. આંખોમાથી પુષ્કળ પાણી કાઢવા માટે અમૃતબિંદુ ઘણી સરસ અને સસ્તી દવા છે

ઉપયોગ—આંખ ઉપર ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તુરત આંખમાંથી પાણી વહેવા માંડશે—અને ગરમી ઝરી જશે સંભાળજો જરા પણ આંખની અંદર જવા નહી પામે. જો એક તોલા સુરમામાં માત્ર એકજ ટીપું અમૃતબિંદુ મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે.

## દાંત-દાઢમાં કળતર.

દાંતમાંથી લોહી નીકળવું, દાઢમાં કળતર, દંતશુળ; સણુકા વિગેરે દાંતના રોગો ઉપર તત્કાળ અસર કરવા માટે અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે દાઢના સણુકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે

તેજ જાણે. એક એક મીનીટ તેવા દરદી માટે એક એક યુગ સમાન છે. તેવા વખતે અમૃતબિંદુ માત્ર લગાડવાની ખોટી છે, દાંત કે દાઢને દવા અડતાંની સાથે આરામ થઇ જાય છે. જેમને દાંતનો રોગ અશ-ક્ષથીજ હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહી દાઢના સણકા ઉપર જરા પુમડું બીજવી કળતરવાળાં ભાગ ઉપર લગાડવું.

## કાનના સણકા.

પરૂ વહેવું, કાનમાં દુખાવો, બેહેરાપણુ, કર્ણસુળ, વિગેરે કાનનાં સઘળાં દરદો ઉપર **અમૃતબિંદુ**નો ઉપયોગ કરવો જોઇએ. એક તોલા કુંગળીના રસમાં અથવા ૧ તોલા તલના તેલમાં, અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપું અમૃતબિંદુનું મેળવી તેના કાનમાં ટીપાં પાડ-વાનું મટતાં સુધી ચાલુ રાખવું.

## દરાજ, ધાધર, ખસ, ખરજવું.

દરાજ અથવા ધાધર ઉપર **અમરૂતબિંદુ** રામબાણ દવા છે એ ત્રણ વખતજ લગાડવાથી આરામ થાય છે. ખસ અને ખરજવા ઉપર પણ તે ઘણીજ અકસીર દવા છે. આવા રોગોમાં જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમણે છેવટના ઉપાય તરીકે અમૃત-બિંદુની અજમાયશ લેવી અને અમે ખાત્રીથી કહીએ છીએ કે જેમનાં એ દરદનું આયુષ્ય પુરૂ થયું હશે તેમને અમૃતબિંદુના ઉપયોગની સલાહ ખરીજ લાગશે. પણ જેમનાં એ દરદોનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી અમૃતબિંદુ વાપરશે.

**ઉપયોગ.**—એક તોલા તલના તેલમાં ચાર ટીપાં અમૃતબિંદુ નાંખી દાદર ઉપર ચોળવું. ખસ ઉપર લગાડતાં વખતે અગન અગર બળે તો તલના તેલની જગાએ ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧ માં એક શીશી મળશે.

## સોજો.

કાંઇક લાગવાથી, ઘસારાથી અથવા બીજા કોઈ રોગથી શરીરના અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર **અમૃતબિંદુ ઘણી અકસીર દવા છે.** એક અથવા બે વાર લગાડતાંની સાથેજ સોજો ઉતરી જાય છે. **ઉપયોગ**–દીવસમાં બે ત્રણ વખત એક એક બે બે ટીપાં અમૃતબિંદુ મસળવું. સંભાળજો આંખમાં લાગે નહી.

## સંધીવા–લકવો.

અર્ધાંગ વાયુ, સંધીવા લુકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને અમૃતબિંદુ વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઇ જઇ માણસ ખાટલા વશ કેમ નહીં થયો હોય. પણ લગાડતાંજ આરામ થતો ખુલ્લે ખુલ્લો જણાય છે. એકજ દીવસમાં દરદી પોતાને કરાર વળેલો જણાવે છે. સાધારણ હાથ પગમાં થતો ફાટ તોડ–ચુંથારો, ઝઝણી આવવી સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખારો સુળ, પાંસળાંમાં કળતર, છાતીમાં દુ:ખ થવું, હાથ પગનું ભરાઇ જવું, વિગેરે દરદોમાં સસ્તી કીંમત જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો અમૃતબિંદુનો ઉપયોગજ છે. થોડાક કલાકમાંજ તે મનમાનતો ફાયદો પહોંચાડે છે. ગમે તેવા જુનાં દરદ ઉપર પણ એકજ શીશી પુરતી છે. ૧૦૦) રૂપીઆના ખરચે જેઓનો લકવો સારો થયો હતો નહીં તેવા દરદીઓને અમૃતબિંદુની એકજ શીશીએ સંતોષકારક આરામ પહોંચાડયો હતો. એવા એક નહીં પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયશ લેવાઇ છે. અને તે સઘળામાં તે ફતેમંદજ નીવડયું છે સરસવનું અથવા તલનું તેલ, ટરપેનટાઇન કે ઘાસલેટ* એક તોલો લઇ તેમાં ૦ાા તોલો અમૃતબિંદુ મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું ઉપરથી ગરમ કપડાનો સેક કરવાથી જલદી આરામ થશે. અગર અગન બળતી જણાય તો અમૃતબિંદુ ૦ાા ને બદલે ૦ા તોલો લેવું.

## કમજોર-નિરબળતા.

શરીરમાં લોહી ચઢતુંજ નહીં હોય, ગમે તેવા ઊંચા ખોરાકની જાણે શરીર કીંમતજ નહીં કરતું હોય, આખો દિવસ સુસ્તી લાગતી હોય, આંખો નિસ્તેજ, મો ફીકું, ડાચાં બેઠેલાં. છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય, પાંચશેર ભાર ઉચકી પાંચ ડગલાં ચલાતું નહી હોય, પવન આવે તો ઉડી જાય તેવું શરીર હોય, ચાલતાં શ્વાસ ભરાઈ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળબળ થયા કરતો હોય, રસજ્ઞપણું જતું રહ્યું હોય, નિરાશામાં દીવસો વ્યતિત થતા હોય. હીને ઉભું થવું ભારી પડતું હોય, આખો દીવસ સુઈજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય, યાદ શક્તિનો નાશ થયો હોય, મગજમાં અનેક ગુચવાડાઓ ઉભા થતાં હોય, ટુંકમાં જ્યારે શરીર કેવળ શક્તિ વગરનું થઇ ગયું હોય ત્યારે અમૃતબિંદુનો જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર, હાડકાં ચીકણાં, અંગ ભરાવાદાર ચહેરો ગુલાબી છાતી ઉઠાવદાર, કંમર મજબુત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજસ્વી અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે. એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે. વિદ્યાર્થિઓએ ખસુસ કરી વાપરવું જોઇએ. ધાતુ પૌષ્ટીક દવાઓમાં પહેલો નંબર અમૃતબિંદુનો આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ અથવા ૧ તોલો માખણ અને અડધો તોલો પીસેલી સાકર, અથવા એક તોલો બદામનું તેલ, અથવા ૧૦ તોલા દુધ એમાંના કોઇપણ અનુપાન સાથે બે બે ટીપા અમૃતબિંદુ સહવાર સાંજ લેવું.

## હરસ.

હરસની પીડા જેણે વીતે તે જાને—જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હોય ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર અમૃતબિંદુ અજમાવજો અને ખાત્રીથી એ પીડા હમેશની દુર થઈ જશે.

ઉપયોગ—રોજ સહવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર, ૦ા તોલો વાટેલી સાકર ભેગાં કરી તેમાં બે ટીપા અમૃતબિંદુ નાંખી ફાકી મારવી અને ઉપરથી ૦ા શેર દુધ પીવું જો ફાકવું નહી હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઉચું નાગકેશર દળેલું તૈયાર શીશી ૧) નો રૂ. ૦ાા હમારે ત્યાંથી પણ મળશે.

## મ્હોં—આવવું.

ગમે તે કારણથી મોં આવ્યું હોય, અવાળુ ફુલીગયાં હોય, મોંમાં ચાંદાં—ધારાં પડી ગયાં હોય બધું બેચાર વખતમાજ મટી જાય છે.

**ઉપયોગ** ૦ા તોલો કબાબચિની (ચાણીકબાલા) બારીક વાટી તેમાં માત્ર એકજ ટીપું અમૃતબિંદુનું નાખી મેળવી મોમાં ચોપડવું અને મોં ગળતું મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દીવસમાં ત્રણ કે ચાર વખત કરવું.

## પ્રમેહ.

ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ અમૃતબિંદુથી તે જરૂર મટશેજ.

**ઉપયોગ**—રોજ સવારમાં ૧) તોલો વાટેલું ગોખરૂ, ૧ તોલો દામડીનાં પાંદડાંનો રસ, ૧) તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી પી જવું. અથવા ૧૦—૧૨ ટીપાં ચોખુ ચંદનનું તેલ લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ સવારમા ચાટી જવું ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે. કીંમત રૂ. ૧

## ચામડીનું ફાટવું.

શિયાળામાં ઘણું કરીને દરેક માણસના હાથ પગથી ચામડી ઓછી વધારે પણ ફાટવા વિના નથી રહેતી. તેવે પ્રસંગે અમૃતબિંદુ ઘણીજ અકસીર દવા છે.

ઉપયોગ.– માંખણ ઘી, તેલ, દીવેલ, અથવા વેસેલીન એમાંથી કોઇ પણ ચીજ ૦ાા તોલો લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી ચોળવું એટલે જલદી આરામ થઇ જાય છે.

## ઝેરી ડંખ.

ભમરી, વીંછું, મધમાંખ, ચાંચડ, માંકડ, મચ્છર, કાનખજુરો વિગેરેના ડંખ ઉપર અમૃતબિંદુ અમુલ્ય દવા છે. હજારો વખત તેની અજમાયશ લેવાઇ છે અને હજી સુધી એક વખત પણ નિસ્ફળતા મળી નથી. દવા લગાડતા વારજ અસર થવા માંડે છે અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી. ઉપયોપ—ડંખ ઉપર એક ટીપું અમૃતબિંદુ ચોળવું.

## પ્લીહા–બરોળ.

બરોળના દરદીએ ખાસ કરીને અમૃતબિંદુ અજમાવવું, જ્યાં બીજી કોઇ દવાએ ફાયદો નથી પહોંચાડયો, ત્યાં તે જરૂર સારૂં પરીણામ લાવશે. થોડા ખરચે જલદી આરામ કરવાનો એજ રસ્તો છે કે, અમૃતબિંદુની અજમાયેશ લેવી. ઉપયોગ.–સાચા મોતીની છીપની ભષ્મ બે આની ભાર લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ– મેળવી રોજ દીવસમાં બેવાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ અમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ. ૧) ની ૧ તોલો એ હીસાબે મોકલવામાં આવશે.

## અંડ વૃદ્ધિ.

એક બે અને ત્રણ વખત લગાડતાની સાથેજ ફાયદો થતો નજરે પડે છે. માત્ર આઠ દીવસમાંજ સદંતર આરામ થઈ જાય છે. ગમે તેવા કેસમાં તે પોતાનું કામ સંતોષકારક છે. ઉપયોગ–૧ તોલો દીવેલમાં ૦)॥ ભાર અમૃતબિંદુ મેળવી સવારમાંજ એ મીશ્રણ ચોળવું.

## નપુંશકતા.

વિર્યનો કોઇ પણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે. સૃષ્ટીવિરુદ્ધ કર્મ, હસ્તદોષ, અતિશય વિહાર, રાતદીવસ હલકી ભોજના વિચારો, બીભત્સ વાચન લેખન, સ્વપ્નાવસ્થા ઇત્યાદી કારણોથી વિર્યનો અઘટીત રીતે નાશ થઇ માણુસ પુરૂષત્વ ખોઇ બેસે છે. તેવે વખતે તેમને ચીંતામાંથી મુક્ત કરનાર એક અમૃતબિંદુ એજ ખરો આધાર છે. ધાતુક્ષીણુતાથી નસો ઢીલી પડી જઇને શિથિલતા પ્રાપ્ત થાય છે, ઢીલી પડેલી નસોને પાછી તંગ બનાવી તેમાં તાકાત લાવવા માટે અમૃતબિંદુ રામબાણ દવા છે. પુરૂષત્વના નાશથી જેઓ રાત દીવસ ચીંતામાં રહેતા હોય, હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઇ ગયા હોય, તેઓને છેલ્લા ખાત્રી ભરેલાં ઉપાય તરીકે અમૃતબિંદુ વાપરવાની ભલામણ કરવામાં આવે છે અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તેઓની ભવની ચીંતા ખચીત ટળી જશે. **ઉપયોગ--રોજ** સહવાર સાંજ ૦ાા તોલો તલના તેલમાં એક ટીપું અમૃતબિંદુ મેળવી તેને ચોળવું.

## પ્રદર રોગ.

સ્ત્રિયોના પ્રદર રોગ ઉપર અમૃતબિંદુ અજાયેબ અસર કરે છે. રક્ત યા સ્વેત ગમે તે પ્રદર ઉપર તે આપી શકાય. બેચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે. સ્ત્રિયોને તનદુરસ્ત, આરોગ્ય મજબુત બાંધાની રાખવાથી તેમની સંતતી પણ નિરોગ બનાવી શકાય છે. સ્ત્રિયોને નીરોગી બનાવવા માટે દર વરસે એક શીશી અમૃતબિંદુ આપવામાં આવે તો સુવાવડોમાં આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી શકાય. **ઉપયોગ**--સહવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ૦ાા તોલો નાગરકેશર ( ઝીણું વાટેલું ) લઇ તેમાં એક તોલો માખણ તથા બે ટીપાં અમૃતબિંદુ મેળવી ખાવું. ઉપરથી રૂચીઅનુસાર તાજું દુધ પીવું.

## સરદી.

અતિશય સરદી થઇ જવાથી માણસ ઘણીવાર ઠંડો ગાર બની જાય છે. આ સ્થિતિ ઘણી ભયંકર છે અને જો આવી સ્થિતિમાંથી તત્કાળ તેને બચાવવામાં નહીં આવે, અંગમાં ગરમી લાવનાર ઉપચારો કરવામાં નહી આવે તો થોડા કલાકોમાં તેનું આયુષ્ય પુરૂં થઇ જાય છે. ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે, જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય **અમૃતબિંદુજ** છે. આવી સ્થિતીમાંજ તે પગનાં તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાંની સાથેજ હુશિયારી આવી જાય છે. **ઉપયોગ**—એક તોલો સરસીયું તેલ લઇ તેમા ૧૦ ટીપાં તજનું તેલ ૭મેરવુ તજનું તેલ હમારી પાસેથી મંગાવતાં રૂ. ૦ાા ની એક શીશી મોકલવામાં આવશે.

## તાવ.

ઠંડીનાં લખલખાં આવીને, રોજી દો, એકાંતરીયો, ચોથિયો ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાનો સહેલ ઉપાય "અમૃતબિંદુ" છે. જીર્ણજ્વર ઉપર પણ તે ઘણું સારૂં કામ કરે છે. સેકડે ૮૦ માણસોને તેથી આરામ થઈ જાય છે. **ઉપયોગ**—તુળસી. આદુ અને ખાવાનાં પાન પ્રત્યેકનો રસ (ા) પા પા તોલો મેળવી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી દરદીને દિવસમાં બે વખત પાવું.

## ન્હારૂ.

ન્હારૂ અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે. ખરાબ પાણીથી અથવા બીજા ઘણા કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગમાં વાળો નીકળેછે. એકવાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવો પડે છે. કારણ કે તાણી કાઢતાં જો તે તુટી જાય છે. અથવા અંદર પાછો પેશી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે

અને ઘણી ઘણી વેદના દીવસો—મહીનાઓ સુધી આપે છે. અમૃતબિંદુ લગાડવાથી વાળો બળી જાય છે. ઉપયોગ—ચાર ટીપાં હીંગનો અર્ક લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી થોડું પાણી ઉમેરી રોજ દીવસમાં ત્રણ વાર પીવું. હીંગનો અર્ક અગર હમારી પાસેથી મંગાવશો તો રૂ. ૦ાા શીશીને હીસાબે મોકલીશું.

## જંતુનાશક.

